ॐ ह्रीँ अर्हं श्री नेमिनाथाय नमः    શ્રી પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ સૂરીશેભ્યો નમઃ

સમકિત ગ્રુપ

શ્રદ્ધા, સેવા અને સદાચારનો સરવાળો

# SAMKIT MEGA QUIZ

## JANG KHARAKARI NO

**For all Shwetambar Murtipujak Jain Sangh of Mumbai, Surat, Vadodara, Ahmedabad, Junagadh of age above 13 years - All Boys, Girls and Youth who have particpated in**

**Sau Chalo Pathshala Jaiye - Bhavi Nu Nirman**

## SYLLABUS

Guruvandan, Samaiyak, Chaityavandan sutra arth and vidhi

Prachin Tirth and Kalyanak Bhumi (General Knowledge)

"Jain Food Ready Reknor" Book (Author : P.Pu. Muni Shri Bhavyasundar Maharaj Saheb)

## RULES

A group can have at least 5 members and a maximum of 8 members

The group of boys and girls will be different

The members of each group should belong to the same sangh , members of different sangh cannot make groups. More than one group can be from one sangh

Quiz will be held in December 2019

## TOTAL 36 Prizes

| 1st | 2nd | 3rd | 4th | 5th |
|---|---|---|---|---|
| ₹ 45,000 | ₹ 36,000 | ₹ 27,000 | ₹ 18,000 | ₹ 9,000 |

**Next 13 Final Groups will get ₹ 3600 each**

**Other 18 Semi – Final Groups will get ₹ 1800 each**

ONLINE REGISTRATION – WWW.SAMKITGROUP.COM
LAST DATE – 15TH OCTOBER 2019

ONLY WHATSAPP 8080228022
EMAIL mysamkitgroup@gmail.com

॥ ॐ अर्हं नमः ॥

॥ श्री भीडभंजन पार्श्वनाथाय नमः ॥

# શ્રી

# ગુરુવંદન ચૈત્યવંદન સામાયિક સૂત્રના અર્થ અને વિધિ

## ૧. નવકારસૂત્ર (પરમેષ્ઠિનમસ્કારમંત્ર)

### શબ્દાર્થ

| | |
|---|---|
| **નમો** - નમસ્કાર કરું છું. | **એસો** - આ |
| **અરિહંતાણં** - અરિહંત-ભગવાનોને | **પંચનમુક્કારો** - પાંચ નમસ્કાર. |
| **સિદ્ધાણં** - સિદ્ધ ભગવાનોને. | **સવ્વપાવ** - બધાં પાપનો |
| **આયરિયાણં** - આચાર્ય-મહારાજાઓને | **પ્પણાસણો** - નાશ કરનાર |
| **ઉવજ્ઝાયાણં** - ઉપાધ્યાય-મહારાજાઓને | **મંગલાણં** - મંગલોમાં |
| **લોએ** - લોકમાં | **ચ** - અને |
| **સવ્વસાહૂણં** - સર્વ સાધુઓને. | **સવ્વેસિં** - સર્વને વિષે |
| | **પઢમં** - પ્રથમ |
| | **હવઈ** - છે. |
| | **મંગલં** - મંગળરૂપ |

**નમો અરિહંતાણં ॥ ૧ ॥**

★શ્રી અરિહંત (પરમાત્માઓ)ને નમસ્કાર કરું છું. ૧

**નમો સિદ્ધાણં ॥ ૨ ॥**

શ્રી સિદ્ધ (પરમાત્માઓ)ને નમસ્કાર કરું છું. ૨

**નમો આયરિયાણં ॥ ૩ ॥**

શ્રી આચાર્ય (મહારાજો)ને નમસ્કાર કરું છું. ૩

**નમો ઉવજ્ઝાયાણં ॥ ૪ ॥**

શ્રી ઉપાધ્યાય (મહારાજો)ને નમસ્કાર કરું છું. ૪

**નમો લોએ સવ્વસાહૂણં ॥ ૫ ॥**

લોકમાં રહેલા (મુખ્યતયા અઢીદ્વીપમાં રહેલા) સર્વ સાધુઓને નમસ્કાર કરું છું. ૫

**એસો પંચ નમુક્કારો ॥ ૬ ॥**

આ પાંચ નમસ્કાર

**સવ્વપાવપ્પણાસણો ॥ ૭ ॥**

સર્વ પાપનો નાશક છે. ૭

**મંગલાણં ચ સવ્વેસિં ॥ ૮ ॥**

વળી સર્વ મંગલમાં. ૮

**પઢમં હવઈ મંગલં ॥ ૯ ॥**

પ્રથમ મંગલ (કલ્યાણરૂપ) છે. ૯

પદ (૯), સંપદા (૮) ગુરુ (૭), લઘુ (૬૧), સર્વવર્ણ (૬૮).

ઈતિ નવકાર સૂત્ર. ૧

❁ ❁ ❁

## ૨. પંચિંદિઅ સૂત્ર

શબ્દાર્થ

પંચિંદિઅ - પાંચ ઇન્દ્રિયોને (વિષયમાં જતા)
સંવરણો - રોકનાર.
તહ - તથા
નવવિહ - નવ પ્રકારની.
બંભચેર - બ્રહ્મચર્યની.
ગુત્તિધરો - વાડને ધારણ કરનારા.
ચઉવિહ - ચાર પ્રકારના
કસાય - કષાયથી
મુક્કો - મુકાએલા
ઈઅ - એ
અટ્ઠારસગુણેહિં - અઢાર ગુણોથી
સંજુત્તો - યુક્ત
પંચમહવ્વય - પાંચ મહાવ્રતોએ.
જુત્તો - યુક્ત.
પંચવિહાયાર - પાંચ પ્રકારના- આચારને.
પાલણ-સમત્થો - પાળવામાં-સમર્થ.
પંચસમિઓ - પાંચ પ્રકારની- સમિતિથી યુક્ત.
તિગુત્તો - ત્રણ ગુપ્તિથી સહિત.
છત્તીસગુણો - છત્રીશ ગુણોથી યુક્ત.
ગુરુ - ગુરુ
મજ્ઝ - મારા.

**પંચિંદિઅ સંવરણો,**
પાંચ ઈન્દ્રિયોને વિષયોમાં જતાં રોકનાર.

**તહ નવવિહ-બંભચેર-ગુત્તિધરો ॥**
તથા નવ પ્રકારની બ્રહ્મચર્યની ગુપ્તિના ધરનાર.

**ચઉવિહ-કસાય-મુક્કો,**
ચાર પ્રકારના કષાયથી મુક્ત.

**ઈઅ અટ્ઠારસ-ગુણેહિં સંજુત્તો ॥ ૧ ॥**
એ અઢાર ગુણો સહિત. ૧

**પંચ-મહવ્વય-જુત્તો**
પાંચ મહાવ્રતથી યુક્ત.

**પંચ-વિહાયાર-પાલણ-સમત્થો,**
પાંચ પ્રકારના આચાર પાળવા સમર્થ.

**પંચ-સમિઓ તિ-ગુત્તો,**
પાંચ સમિતિથી સમિત (અને) ત્રણ ગુપ્તિથી ગુપ્ત.

**છત્તીસગુણો ગુરુ મજ્ઝ ॥ ૨ ॥**
(એ) [1]છત્રીશ ગુણો વાળા (તે) મારા ગુરુ (છે) ૨.

ઈતિ પંચિંદિઅ સૂત્ર-૨

❁ ❁ ❁

## ૩. ખમાસમણ અથવા પ્રણિપાત સૂત્ર

શબ્દાર્થ

ઈચ્છામિ - હું ઈચ્છું છું.
ખમાસમણો - હે ક્ષમાશ્રમણ, સાધુજી !
વંદિઉં - વંદન કરવા
જાવણિજ્જાએ - શક્તિસહિત એવા.
નિસીહિઆએ - પાપ વ્યાપાર- ત્યાગ કર્યો છે એવા શરીર વડે.
મત્થએણ - મસ્તકથી.
વંદામિ - હું વંદન કરું છું.

**ઇચ્છામિ ખમાસમણો ! વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ મત્થએણ વંદામિ ॥ ૩ ॥**

**અર્થ :–** [1]હે ક્ષમાશ્રમણ ! મારા શરીરની શક્તિ સહિત તથા પાપ-વ્યાપાર તજીને (આપના ચરણ કમળને) વંદન કરવા ઈચ્છું છું (અને) મસ્તકથી વંદુ છું. ૩

❁ ❁ ❁

## ૪. સુગુરુને સુખ-શાતા-પૃચ્છા

શબ્દાર્થ

ઈચ્છકાર - ઈચ્છા કરું છું.
સુહરાઈ - સુખે રાત્રિ.
સુહદેવસિ - સુખે દિવસ.
સુખતપ - સુખે તપશ્ચર્યામાં.
શરીર નિરાબાધ - રોગ રહિત- શરીરે.
સુખસંજમજાત્રા - સુખે સંયમ- યાત્રામાં.
નિર્વહો છો જી - પ્રવર્તો છો જી.

ઇચ્છકાર, [1]સુહરાઈ, ([2]સુહદેવસિ),
સુખતપ, શરીર નિરાબાધ,
સુખ-સંજમ-જાત્રા નિર્વહો છો જી,
સ્વામી શાતા છે જી ?
ભાત-પાણીનો લાભ દેજો જી ॥ ૪ ॥

**અર્થ :-** હે ગુરુજી ! આપની ઈચ્છા હોય તો જવાબ દેશો કે- (પૂછું) આપની રાત્રી સુખે પસાર થઈ ? (આપનો દિવસ સુખે પસાર થયો ?) આપની તપશ્ચર્યા સુખે થાય છે ? આપના શરીરે પીડા નથી ને ? આપની ચારિત્રયાત્રાનું પાલન સુખે થાય છે ને ? આપને સર્વ પ્રકારે શાતા છે ? આહાર-પાણી વહોરી ધર્મનો લાભ આપશોજી.૪.

## ૫. ઈરિયાવહિયં સૂત્ર

**શબ્દાર્થ**

ઈચ્છાકારેણ - ઈચ્છાપૂર્વક
સંદિસહ - આજ્ઞા આપો.
ભગવન્ - હે ભગવંત !
ઈરિયાવહિયં - જવા-આવવાની ક્રિયાથી થયેલી જીવબાધાદિ પાપક્રિયા.
પડિક્કમામિ - હું પ્રતિક્રમું- (પાછો હઠું) છું.
(પડિક્કમેહ - પ્રતિક્રમ (નિવર્ત).)
ઈચ્છં - પ્રમાણ છે.
ઈચ્છામિ પડિક્કમિઉં - હું પ્રતિક્રમવા (પાછો હઠવા) ઈચ્છું છું.
ઈરિયાવહિયાએ - માર્ગમાં- ચાલતાં
વિરાહણાએ - જીવની વિરાધના થઈ હોય.

ગમણાગમણે - જતાં-આવતાં.
પાણક્કમણે - પ્રાણી ચાંપ્યા હોય.
બીયક્કમણે - બીજ ચાંપ્યા હોય.
હરિયક્કમણે - લીલી વનસ્પતિ ચાંપી હોય.
ઓસા - ઝાકળ.
ઉત્તિંગ - કીડીયારું, ઉત્તિંગા.
પણગ- સેવાળ / લીલફૂગ
દગમટ્ટી - કાદવ
અભિહયા - લાતે માર્યા.
વત્તિયા - ધૂળવડે ઢાંક્યા.
લેસિયા - ભોંય સાથે ઘસ્યા.
સંઘાઈયા - ભેગા કર્યા.
સંઘટ્ટિયા - સ્પર્શ કર્યા
પરિયાવિયા - પરિતાપ- ઉપજાવ્યા.
કિલામિયા - ખેદ પમાડ્યા.
ઉદ્દવિયા - બીવરાવ્યા- (ત્રાસ પમાડ્યા)

મક્કડાસંતાણા - કરોળીયાના જાળા.
સંકમણે - ચાંપતા.
જે - જે
મે - મેં.
જીવા - જીવો.
વિરાહિયા - વિરાધ્યા હોય.
એગિંદિયા - એકેન્દ્રિય જીવો.
બેઇંદિયા - બેઇન્દ્રિય જીવો.
તેઇંદિયા - ત્રણ ઇન્દ્રિયવાળા.
ચઉરિંદિયા - ચાર ઇન્દ્રિયવાળા.
પંચિંદિયા - પાંચ ઇન્દ્રિયવાળા.
ઠાણાઓ ઠાણં - એક ઠેકાણેથી બીજે ઠેકાણે.
સંકામિયા - મૂક્યા હોય.
જીવિયાઓ વવરોવિયા - જીવિતથી ચૂકાવ્યા.
તસ્સ - તે
મિચ્છા - મિથ્યા થાઓ.
મિ - મારું.
દુક્કડં - પાપ.

**ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ !**
**ઈરિયાવહિયં [1]પડિક્કમામિ, [2]ઇચ્છં ॥**

**અર્થ :-** આપની ઈચ્છાપૂર્વક હે જ્ઞાનવંત ! (પૂજ્ય) આદેશ આપો તો ચાલવાના માર્ગમાં જે પાપ લાગ્યું તે પાપથી નિવર્તું- પ્રતિક્રમું ? ત્યારે ગુરુ આદેશ આપે કે પ્રતિક્રમો, પછી શિષ્ય કહે કે આજ્ઞા પ્રમાણ છે.

**ઇચ્છામિ પડિક્કમિઉં ॥ ૧ ॥**
**ઈરિયાવહિયાએ વિરાહણાએ. ॥ ૨ ॥**

**અર્થ :-** હું પાપ થકી નિવર્તવા ઈચ્છું છું. ૧. જવા- આવવાના માર્ગમાં (સાધુ-શ્રાવકના માર્ગમાં) જે વિરાધના (પાપયુક્ત ક્રિયા) થઈ હોય. ૨. જેમ કે-

**ગમણાગમણે ॥ ૩ ॥**
**પાણક્કમણે, બીયક્કમણે, હરિયક્કમણે, ઓસા-ઉત્તિંગ-પણગ-દગમટ્ટી-મક્કડા-સંતાણા- સંકમણે. ॥ ૪ ॥**

**અર્થ :–** એક સ્થાનકથી બીજેસ્થાનકે જતાં-આવતાં. ૩.

(બે-ત્રણ અને ચાર ઇન્દ્રિયવાળા) જીવોને પગે કરી ચાંપવાથી, ધાન્યના બીજને ચાંપવાથી, લીલી વનસ્પતિ ચાંપવાથી, આકાશમાંથી પડતા ઝાકળને, કીડીઓનાં નગરાંને, પાંચવર્ણી નીલફૂગને (લીલફૂગ-નિગોદ,) સચિત્ત માટી યુક્ત પાણીને, કરોળીયાના જાળાને પગથી ચાંપવાથી અથવા મસળવાથી. ૪.

**જે મે જીવા વિરાહિયા. ॥ ૫ ॥**

**અર્થ :–** મેં જે જીવોની વિરાધના કરી હોય અર્થાત્ જે જીવોને દુઃખી કર્યા હોય. ૫.

તે કયા જીવો ?

**એગિંદિયા, બેઇંદિયા, તેઇંદિયા, ચઉરિંદિયા, પંચિંદિયા. ॥ ૬ ॥**

**અર્થ :–** એક ઇન્દ્રિયવાળા, બે ઇન્દ્રિયવાળા, ત્રણ ઇન્દ્રિયવાળા, ચાર ઇન્દ્રિયવાળા, પાંચ ઇન્દ્રિયવાળા ૬.

તેઓને કેવી રીતે વિરાધ્યા ?

**અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઇયા, સંઘટ્ટિયા, પરિયાવિયા, કિલામિયા, ઉદ્દવિયા, ઠાણાઓ ઠાણં સંકામિયા, જીવિયાઓ વવરોવિયા, તસ્સ મિચ્છા મિ દુક્કડં. ॥ ૭ ॥**

**અર્થ :–** સામા આવતાને હણ્યા (લાતે-ઠોકરે માર્યા) હોય, ધૂળથી ઢાંક્યા હોય, ભૂમિ સાથે મસળ્યા હોય, માંહોમાંહે ભેગા કર્યા હોય, થોડા સ્પર્શથી દુઃખ ઉપજાવ્યું હોય, પરિતાપ ઉપજાવ્યા હોય, મૃતપ્રાય કર્યા હોય, ત્રાસ પમાડ્યા હોય, એક સ્થાનથી બીજે સ્થાને મૂક્યા હોય, જીવિતવ્યથી જુદા કર્યા (પ્રાણથી રહિત કર્યા) હોય; તે સંબંધી જે પાપ લાગ્યું હોય તે પાપનું મિચ્છા મિ દુક્કડં દઉં છું. ૭.

✿ ✿ ✿

## ૬. તસ્સ ઉત્તરી સૂત્ર

### શબ્દાર્થ

| | |
|---|---|
| તસ્સ - તેની | વિસલ્લીકરણેણં - શલ્ય રહિતપણે. |
| ઉત્તરીકરણેણં - ફરીને શુદ્ધિ માટે | પાવાણં કમ્માણં - પાપ કર્મોને. |
| પાયચ્છિત્તકરણેણં - પ્રાયશ્ચિત્ત-કરવા દ્વારા | નિગ્ઘાયણટ્ઠાએ - નાશ કરવા માટે |
| વિસોહિકરણેણં - વિશેષ શુદ્ધિ કરવા દ્વારા. | ઠામિ - કરું છું. |
| | કાઉસ્સગ્ગં - કાઉસ્સગ્ગ. |

**તસ્સ [૧]ઉત્તરીકરણેણં, પાયચ્છિત્તકરણેણં, વિસોહીકરણેણં, વિસલ્લીકરણેણં, પાવાણં કમ્માણં નિગ્ઘાયણટ્ઠાએ, ઠામિ કાઉસ્સગ્ગં. ॥ ૮ ॥**

**અર્થ :–** તેને વિશેષ શુદ્ધ કરવા, તેની ગુરુ પાસે આલોયણ કરવા દ્વારા, આત્માના અંતરમેલને ટાળવા દ્વારા, આત્માને શલ્યથી રહિત કરવા દ્વારા અને તેથી સર્વ પાપકર્મોનું ઉચ્છેદન કરવા માટે હું કાઉસ્સગ્ગ કરું છું. ૮.

✿ ✿ ✿

## ૭. અન્નત્થ ઊસસિએણં સૂત્ર

શબ્દાર્થ

| | |
|---|---|
| અન્નત્થ - બીજે (નીચેની બાર-બાબતો સિવાય). | અભગ્ગો - અખંડિત. |
| ઊસસિએણં - શ્વાસ લેવાથી | અવિરાહિઓ - અવિરાધિત. |
| નીસસિએણં - શ્વાસ મૂકવાથી. | હુજ્જ - હો. |
| ખાસિએણં - ઉધરસ ખાવાથી. | મે - મારો. |
| છીએણં - છીંક આવવાથી. | કાઉસ્સગ્ગો - કાઉસ્સગ્ગ. |
| જંભાઈએણં - બગાસું આવવાથી. | જાવ - જ્યાં સુધી. |
| ઉડ્ડુએણં - ઓડકાર આવવાથી. | અરિહંતાણં - અરિહંત. |
| વાયનિસગ્ગેણં - વાછૂટ થવાથી. | ભગવંતાણં - ભગવંતોને. |
| ભમલીએ - ચકરી આવવાથી. | નમુક્કારેણં - નમસ્કાર કરીને. |
| પિત્તમુચ્છાએ - પિત્તથી મૂર્ચ્છા-આવવાથી. | ન પારેમિ - ન પારું. |
| સુહુમેહિં - સૂક્ષ્મ. | તાવ - ત્યાં સુધી. |
| અંગસંચાલેહિં - અંગ ચાલવાથી. | કાયં - કાયાને. |
| ખેલસંચાલેહિં - બળખો આવવાથી. | ઠાણેણં - એક સ્થાન વડે. |
| દિટ્ઠિસંચાલેહિં - દૃષ્ટિ ચાલવાથી. | મોણેણં - મૌનપણે. |
| એવમાઈ એહિં - એ વગેરે. | ઝાણેણં - ધ્યાનથી |
| આગારેહિં - આગારો (છૂટો). | અપ્પાણં - પોતાની કાયાને. |
| | વોસિરામિ - વોસિરાવું છું. |

**[x]અન્નત્થ ઊસસિએણં, નીસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઇએણં, ઉડ્ડુએણં વાયનિસગ્ગેણં, ભમલીએ, પિત્તમુચ્છાએ. ॥ ૧ ॥**

**અર્થ :–** જે આગારોનું વર્ણન કરું છું, તે સિવાયના બીજે સ્થાનકે (કાયવ્યાપારનો ત્યાગ કરું છું.) તે બાર આગારોનાં નામ-

શ્વાસ લેવા વડે, શ્વાસ મૂકવા વડે, ઉધરસ આવવાથી, છીંક આવવાથી, બગાસું આવવાથી, ઓડકાર આવવાથી, અથવા વા સંચરવાથી, ચક્કર આવવાથી, પિત્ત વડે મૂર્ચ્છા આવવાથી. ૧

**સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં ॥૨॥**

**અર્થ :–** શરીરનો સૂક્ષ્મ સંચાર થવાથી, સૂક્ષ્મ થૂંક અથવા કફ ગળવાથી, દૃષ્ટિના સૂક્ષ્મ સંચારથી. ૨.

**એવમાઇએહિં, આગારેહિં, અભગ્ગો, અવિ-રાહિઓ હુજ્જ મે કાઉસ્સગ્ગો. ॥૩॥**

**અર્થ :–** પૂર્વોક્ત આગારો વગેરે બીજા (પણ ચાર)* આગારો રાખવાથી મારો કાયોત્સર્ગ અખંડિત, અવિરાધિત હો. ૩.

(ક્યાં સુધી)

**જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ. ॥૪॥**

**અર્થ :–** જ્યાં સુધી અરિહંત ભગવાનને (ઉચ્ચારપૂર્વક) નમસ્કાર કરવા વડે ન પારું. ૪.

**તાવ કાયં, ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ ॥ ૫ ॥**

**અર્થ :–** ત્યાં સુધી પોતાની કાયાને સ્થાનવડે, મૌન રહેવા વડે (અને) ધ્યાન વડે (પાપક્રિયાથી) વોસિરાવું છું. ૫.

❁ ❁ ❁

## ૮. લોગસ્સ (નામસ્તવ) સૂત્ર

શબ્દાર્થ

| | |
|---|---|
| લોગસ્સ - લોકને | ચ - અને. |
| ઉજ્જોઅગરે - ઉદ્યોત કરનારા. | વંદે - હું વંદન કરું છું. |
| ધમ્મતિત્થયરે - ધર્મરૂપ તીર્થના કરનારા. | સંભવમભિણંદણં ચ-સંભવનાથ-તથા અભિનંદનસ્વામીને. |
| જિણે - જિનોને. | સુમઇં - સુમતિનાથને. |
| અરિહંતે - અરિહંત ભગવાનોને. | પઉમપ્પહં - પદ્મપ્રભપ્રભુને. |
| કિત્તઇસ્સં - હું સ્તવીશ. | સુપાસં - સુપાર્શ્વનાથને. |
| ચઉવીસંપિ - ચોવીશે. | ચંદપ્પહં - ચંદ્રપ્રભપ્રભુને |
| કેવલી - કેવળી ભગવાનોને. | સુવિહિં - સુવિધિનાથને. |
| ઉસભમજિયં - શ્રી ઋષભદેવ-અને અજિતનાથને. | પુપ્ફદંતં - (બીજું નામ) પુષ્પદંતને. |

સીયલ સિજ્જંસ - શીતળનાથ- તથા શ્રેયાંસનાથને.
વાસુપુજ્જં - વાસુપૂજ્યસ્વામીને.
વિમલમણંતં - વિમલનાથ તથા- અનંતનાથને.
જિણં - જિનને
ધમ્મં - ધર્મનાથને.
સંતિં - શાન્તિનાથને.
કુંથું - કુંથુનાથને.
અરં - અરનાથને.
મલ્લિં - મલ્લિનાથને
મુણિસુવ્વયં - મુનિસુવ્રતસ્વામીને.
નમિજિણં - નમિજિનને.
વંદામિ - હું વંદન કરું છું.
રિટ્ઠનેમિં - અરિષ્ટનેમિને.
પાસં - પાર્શ્વનાથને.
વદ્ધમાણં - વર્ધમાનસ્વામીને.
એવં - એવી રીતે.
મએ - મેં
અભિથુઆ - સ્તવ્યા.
વિહુય - વિશેષે ક્ષય કર્યા છે.
રયમલા - કર્મરૂપ રજ અને મેલને-જેમણે.
પહીણ - વિશેષ ક્ષય કર્યા છે.
જરમરણા - જરા અને મરણ જેમણે.
જિણવરા - સામાન્ય કેવળીઓમાં શ્રેષ્ઠ.
તિત્થયરા - તીર્થંકરો.
મે - મારા પર
પસીયંતુ - પ્રસન્ન થાઓ.
કિત્તિય - સ્તવ્યા.
વંદિય - વાંદ્યા.
મહિયા - પૂજ્યા
જે એ - જે
લોગસ્સ - લોકમાં
ઉત્તમા - ઉત્તમ.
સિદ્ધા - સિદ્ધ થયા છે.
આરુગ્ગ - આરોગ્ય.
બોહિલાભં - સમ્યગ્દર્શનનો લાભ
સમાહિવરં - પ્રધાન સમાધિ
ઉત્તમં - ઉત્તમ.
દિંતુ - આપો.
ચંદેસુ - ચંદ્રના સમૂહથી
નિમ્મલયરા - અતિ નિર્મળ.
આઇચ્ચેસુ - સૂર્યના સમૂહથી
અહિયં - અધિક
પયાસયરા - પ્રકાશ કરનારા.
સાગરવરગંભીરા - સાગરવર = શ્રેષ્ઠ સમુદ્ર-સ્વયંભુરમણ જેવા ગંભીર
સિદ્ધા - સિદ્ધ ભગવાનો.
સિદ્ધિં - સિદ્ધિ
મમ - મને
દિસંતુ - આપો.

**લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે ॥ અરિહંતે કિત્તઇસ્સં, ચઉવીસં પિ કેવલી. ॥ ૧ ॥**

**અર્થ** :- લોકને (કેવળજ્ઞાન વડે) ઉદ્યોત કરનારા, ધર્મતીર્થના સ્થાપક, (રાગ-દ્વેષ) જિતનારા, કેવળજ્ઞાની એવા ચોવીશ પણ (એટલે કે બીજા પણ કર્મશત્રુનાશક અરિહંતોનું) કીર્તન કરીશ.

***ઉસભ-મજિઅં ચ વંદે, સંભવમભિણંદણં ચ સુમઇં ચ ॥ પઉમપ્પહં સુપાસં, જિણં ચ ચંદપ્પહં વંદે ॥ ૨ ॥**

**અર્થ** :- (શ્રી) ઋષભદેવ તથા અજિતનાથને વંદુ છું, સંભવનાથ, અભિનંદનસ્વામી તથા સુમતિનાથને, પદ્મપ્રભસ્વામીને, સુપાર્શ્વનાથને તથા ચંદ્રપ્રભજિનને વંદું છું. ૨.

**સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલસિજ્જંસ વાસુપુજ્જં ચ ॥ વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિં ચ વંદામિ ॥ ૩ ॥**

**અર્થ** :- (શ્રી) સુવિધિનાથ (બીજું નામ) પુષ્પદંતને, શીતલનાથ, શ્રેયાંસનાથ અને વાસુપૂજ્યસ્વામીને, વિમલનાથ, અનંતનાથજિનને અને ધર્મનાથ તથા શાન્તિનાથને હું વંદન કરું છું. ૩

**કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ ॥ વંદામિ રિટ્ઠનેમિં, પાસં તહ વદ્ધમાણં ચ ॥૪॥**

**અર્થ** :- (શ્રી) કુંથુનાથને, શ્રીઅરનાથને તથા મલ્લિનાથને, મુનિસુવ્રતસ્વામિ તથા નમિનાથજિનને વંદન કરું છું. (શ્રી) અરિષ્ટનેમિને તથા પાર્શ્વનાથને અને વર્ધમાન સ્વામિને હું વંદન કરું છું. ૪.

**એવં મએ અભિથુઆ, વિહુયરયમલા, પહીણજરમરણા ॥ ચઉવીસં પિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ ॥૫॥**

**અર્થ** :- એ પ્રકારે મેં (નામપૂર્વક) સ્તવ્યા. તે ચોવીશે તીર્થંકરો તથા બીજા પણ તીર્થંકરો, જેઓએ (કર્મરૂપ) રજ તથા (રાગાદિ) મેલને ટાળ્યા છે (તથા) જરા અને મરણ અતિશયે કરીને ક્ષય કર્યા છે (તથા જે) સામાન્ય કેવળીઓમાં શ્રેષ્ઠ છે એવા તે ચોવિસે પણ તીર્થંકરો મારા ઉપર પ્રસન્ન થાઓ ! ૫.

**કિત્તિય-વંદિય-મહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા ।। આરુગ્ગ-બોહિલાભં, સમાહિવરમુત્તમં દિંતુ ।।૬।।**

**અર્થ :–** (જેમને ઇંદ્રાદિકે) સ્તવ્યા છે, વાંદ્યા છે, પૂજ્યા છે અને જેઓ લોકને વિષે ઉત્તમ સિદ્ધ (ભગવાન) થયા છે, તેઓ (મને) આરોગ્ય, સમ્યગ્દર્શનનો લાભ અને પ્રધાન ઉત્તમ સમાધિ આપો ! ૬.

**ચંદેસુ નિમ્મલયરા, આઇચ્ચેસુ અહિયં પયાસયરા ।। સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ ।।૭।।**

**અર્થ :–** ચંદ્રસમુહથી વિશેષ નિર્મળ, સૂર્યસમુહથી અધિક પ્રકાશ કરનાર (અને) શ્રેષ્ઠ (સ્વયંભૂરમણ) સમુદ્ર જેવા ગંભીર એવા હે સિદ્ધો (પરમાત્મા) મને મોક્ષ આપો ! ૭.

ઈતિ નામસ્તવ[1] સૂત્ર ૮.

❁ ❁ ❁

## ૯. કરેમિ ભંતે સૂત્ર (સામાયિકનું પચ્ચક્ખાણ)

### શબ્દાર્થ

| | |
|---|---|
| કરેમિ - કરું છું. | મણેણં - મને કરી. - મનથી |
| ભંતે - હે ભગવાન્ ! | વાયાએ - વચનથી કરી. |
| સામાઇયં - સામાયિક. | કાએણં - કાયાએ કરી. - કાયાથી |
| સાવજ્જં - પાપકારી. | ન કરેમિ - ન કરું. |
| જોગં - યોગનું | ન કારવેમિ - ન કરાવું. |
| પચ્ચક્ખામિ - પચ્ચક્ખાણ કરું છું. | તસ્સ - (પૂર્વે કરેલ અપરાધ) થકી. |
| નિયમં - નિયમને. | પડિક્કમામિ - પાછો હઠું છું. |
| પજ્જુવાસામિ - પર્યુપાસું - સેવું છું. | નિંદામિ - આત્મસાક્ષીએ નિંદું છું. |
| દુવિહં - બે પ્રકારે. | ગરિહામિ - ગુરુસાક્ષીએ વિશેષ-કરી નિંદું છું. |
| તિવિહેણં - ત્રણ પ્રકારે. | |

| | |
|---|---|
| અપ્પાણં - મારા આત્માને. | વોસિરામિ - હું પાપ થકી વોસિરાવું છું. |

**કરેમિ ભંતે ! સામાઇયં, સાવજ્જં જોગં પચ્ચક્ખામિ, જાવ નિયમં પજ્જુવાસામિ, દુવિહં, તિવિહેણં. ।।૧।।**

**અર્થ :–** હે ભગવંત ! હું (રાગદ્વેષના અભાવરૂપ અને જ્ઞાનાદિ ગુણના લાભરૂપ) [1]સામાયિક કરું છું (અર્થાત્) પાપયુક્ત વ્યાપારનું પચ્ચક્ખાણ કરું છું (નિષેધ કરું છું). જ્યાં સુધી તે નિયમ (બે ઘડીના)નું સેવન કરું ત્યાં સુધી, બે કરણ અને ત્રણ યોગથી.

**મણેણં, વાયાએ, કાએણં, ન કરેમિ ન કારવેમિ, તસ્સ ભંતે ! પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ, અપ્પાણં વોસિરામિ. ।।૨।।**

**અર્થ :–** મન, વચન અને કાયા (એ ત્રણ યોગ)થી ન કરું (તથા) ન કરાવું, હે ભગવંત ! તે સંબંધી (પૂર્વે કરેલા) અપરાધને હું પ્રતિક્રમું છું. (આત્મસાક્ષીએ) નિંદુ છું. (ગુરુસાક્ષીએ) વિશેષ ગર્હા કરું છું (અને) આત્માને (પાપથી) વોસિરાવું છું.

❁ ❁ ❁

## ૧૦. સામાયિક પારવાનું સૂત્ર

### શબ્દાર્થ

| | |
|---|---|
| સામાઈયવય - સામાયિકના વ્રતથી | સામાઈઅંમિ - સામાયિક. |
| જુત્તો - સહિત. | ઉ - વળી, |
| જાવ - જ્યાં સુધી. | કએ - કર્યે છતે. |
| મણે - મનમાં | સમણો ઈવ - સાધુની પેઠે. |
| હોઈ - હોય. | સાવઓ - શ્રાવક. |
| નિયમસંજુત્તો - નિયમથી યુક્ત. | હવઈ - હોય છે. |
| છિન્નઈ - છેદાય છે. | જમ્હા - જે માટે. |
| અસુહં - અશુભ | એએણ - એ. |
| કમ્મં - કર્મ. | કારણેણં - કારણથી. |
| સામાઈઅ - સામાયિક. | બહુસો - બહુવાર |
| જત્તિઆ વારા - જેટલી વાર | કુજ્જા - કરવું. |

**[1]સામાઇય-વયજુત્તો, જાવ મણે હોઇ નિયમસંજુત્તો ॥ છિન્નઇ અસુહં કમ્મં સામાઇઅ જત્તિઆ વારા ॥૧॥**

**અર્થ** :– સામાયિક વ્રતથી યુક્ત, જ્યાં સુધી મન તે નિયમથી સંયુક્ત હોય ત્યાં સુધી, જેટલી વાર સામાયિક કરે તેટલી વાર અશુભ કર્મનો નાશ કરે છે. ૧

**સામાઇઅંમિ ઉ કએ, સમણો ઇવ સાવઓ હવઇ જમ્હા ॥ એએણ કારણેણં બહુસો સામાઇઅં કુજ્જા ॥૨॥**

**અર્થ** :– જે માટે સામાયિક કરતી વખતે શ્રાવક સાધુ જેવો થાય છે તેથી બહુવાર સામાયિક કરવા જોઈએ. ૨.

**સામાયિક વિધિએ લીધું, વિધિએ પાર્યું, વિધિ કરતાં જે કોઇ અવિધિ હુઓ હોય, તે સવિહુ, મન, વચન કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં.**

**દશ મનના, દશ વચનના, બાર કાયાના, એ બત્રીશ દોષમાં જે કોઈ દોષ લાગ્યો હોય; તે સવિહુ, મન, વચન, કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં.**

❁ ❁ ❁

## ૧૨. જંકિંચિ સૂત્ર

### શબ્દાર્થ

જંકિંચિ - જે કોઈ
નામતિત્થં - નામરૂપ તીર્થો છે.
સગ્ગે - સ્વર્ગલોકમાં
પાયાલિ - પાતાલલોકમાં
માણુસે લોએ - મનુષ્યલોકમાં
જાઈં - જેટલાં.
જિણબિંબાઇં - જિનબિંબો.
તાઈં - તે
સવ્વાઇં - સર્વને
વંદામિ - વંદું છું.

**જંકિંચિ [1]નામતિત્થં સગ્ગે પાયાલિ માણુસે લોએ ॥ જાઈં જિણબિંબાઈં તાઈં સવ્વાઈં વંદામિ ॥૧॥**

**અર્થ** :– સ્વર્ગમાં પાતાળમાં (અને) મનુષ્યલોકમાં જે કોઈ નામરૂપે તીર્થો છે (તેને) તેમજ જે તીર્થંકરના બિંબો છે, તે સર્વને હું વંદના કરું છું. ૧.

❁ ❁ ❁

## ૧૩ નમુત્થુણં ([2]શક્રસ્તવ) સૂત્ર

### શબ્દાર્થ

નમુત્થુણં - નમસ્કાર હો.
અરિહંતાણં - અરિહંતોને.
ભગવંતાણં - ભગવાનોને.
આઇગરાણં - દ્વાદશાંગીની આદિ કરનારને.
પુરિસસીહાણં - પુરુષોમાં સિંહ સમાનને.
પુરિસ - પુરુષોમાં
વર - પ્રધાન.
પુંડરીઆણં - કમળ સમાનને.
ગંધહત્થીણં - ગંધહસ્તી સમાનને.
લોગુત્તમાણં - લોકમાં ઉત્તમને.
લોગનાહાણં - લોકોના નાથને.
લોગહિઆણં - લોકના હિતકારીને.
લોગપઈવાણં - લોકો માટે દીપક સમાનને.
લોગપજ્જોઅગરાણં - લોકને- ઉદ્યોત કરનારને.
અભયદયાણં - અભયદાન આપનાર.
ચક્ખુદયાણં - આંતરચક્ષુ આપનારને.
તિત્થયરાણં - ધર્મતીર્થના પ્રવર્તાવનારને.
સયંસંબુદ્ધાણં - પોતાની મેળે તત્ત્વના જાણનારને.
પુરિસુત્તમાણં - પુરુષોમાં ઉત્તમને.
મગ્ગદયાણં - મોક્ષમાર્ગ આપનારાને.
સરણદયાણં - શરણ આપનારને
બોહિદયાણં-બોધિબીજ - આપનારાને.
ધમ્મદયાણં - ધર્મ આપનારને.
ધમ્મદેસયાણં - ધર્મનો ઉપદેશ- કરનારને.
ધમ્મનાયગાણં - ધર્મના નાયકને
ધમ્મસારહીણં - ધર્મના સારથીને
ધમ્મવર - ધર્મ રૂપી શ્રેષ્ઠ ધર્મચક્ર
ચાઉરંત - ચાર ગતિનો અંત કરનાર.
ચક્કવટ્ટીણં - ધર્મના ચક્રવર્તીને.

અપ્પડિહય - કોઈથી હણાય નહીં તેવા.
વરનાણ - કેવળજ્ઞાન.
દંસણ - કેવળદર્શન
ધરાણં - ધારણ કરનારને.
વિઅટ્ટ - જે નિવર્ત્યા છે.
છઉમાણં - છદ્મસ્થાવસ્થામાંથી તેને.
જિણાણં - જીતનારને.
જાવયાણં - જીતાડનારને.
તિન્નાણં - તરનારને.
તારયાણં - તારનારને.
બુદ્ધાણં - તત્ત્વ જાણનારને.
બોહયાણં - બોધ આપનારને.
મુત્તાણં - પોતે કર્મથી મુકાયેલાને.
મોઅગાણં - બીજાને કર્મથી મુકાવનારને.
સવ્વન્નૂણં - સર્વજ્ઞોને.
સવ્વદરિસીણં - સર્વદર્શીને.
સિવ - ઉપદ્રવ રહિત.
અયલ - અચળ.
અરુઅ - રોગ રહિત.
અણંત - અનંત.
અક્ખય - અક્ષય.
અવ્વાબાહ - બાધા રહિત.
અપુણરાવિત્તિ - જયાંથી ફરી- અવતાર લેવો નથી એવાં
સિદ્ધિગઈનામધેયં - સિદ્ધિગતિ- નામના
ઠાણં - સ્થાનને.
સંપત્તાણં - પામેલાને.
નમો - નમસ્કાર હો.
જિણાણં - જિનેશ્વરોને.
જિઅભયાણં - જીત્યા છે ઈહલોકાદિ- સાત ભય જેણે એવાને.
જે અ - જેઓ.
અઈઆ - અતીતકાળે.
સિદ્ધા - સિદ્ધ થયા.
ભવિસ્સંતિ - સિદ્ધ થશે.
અણાગએ કાલે - અનાગતકાળે
સંપઈ અ - જે વર્તમાનકાળે.
વટ્ટમાણા - વિદ્યમાન છે.
સવ્વે - તે (દ્રવ્યજિન) ને.
તિવિહેણ - મન, વચન, કાયાએ
વંદામિ - હું વંદના કરું છું.

**નમુત્થુણં *અરિહંતાણં ભગવંતાણં ॥૧॥**

**અર્થ :–** નમસ્કાર હો, (શ્રી) અરિહંતને, ભગવંતને. ૧.

**આઇગરાણં, તિત્થયરાણં, સયંસંબુદ્ધાણં ॥૨॥**

**અર્થ :–** પોતપોતાના ધર્મશાસનમાં ધર્મની શરૂઆત કરનારને, તીર્થના સ્થાપકને, પોતાની મેળે બોધ પામેલાને. ૨.

**પુરિસુત્તમાણં, પુરિસસીહાણં, પુરિસવર પુંડરીઆણં, પુરિસવર ગંધ-હત્થીણં ॥૩॥**

**અર્થ :–** પુરુષોમાં ઉત્તમને, પુરુષોમાં સિંહ જેવાને, પુરુષોમાં ઉત્તમ પુંડરીક (કમળ) જેવાને, પુરુષોમાં પ્રધાન ગંધહસ્તી સમાનને. ૩.

**લોગુત્તમાણં, લોગનાહાણં, લોગહિઆણં, લોગપઇવાણં, લોગપજ્જોઅગરાણં ॥૪॥**

**અર્થ :–** લોકને વિષે ઉત્તમને, લોકોના નાથને, લોકના હિત કરનારને, લોકને વિષે દીવા જેવાને, લોકમાં પ્રકાશ કરનારને. ૪.

**અભયદયાણં, ચક્ખુદયાણં, મગ્ગદયાણં સરણદયાણં, બોહિદયાણં ॥૫॥**

**અર્થ :–** અભયદાન આપનારને, (શ્રુતજ્ઞાનરૂપ) ચક્ષુ આપનારને, (મોક્ષ) માર્ગ આપનારને, શરણ આપનારને, સમકિત આપનારને. ૫.

**ધમ્મદયાણં, ધમ્મદેસયાણં, ધમ્મનાયગાણં, ધમ્મસારહીણં, ધમ્મવરચાઉરંત ચક્કવટ્ટીણં ॥૬॥**

**અર્થ :–** ધર્મના દાતારને, ધર્મનો ઉપદેશ કરનારને, ધર્મના નાયકને, ધર્મના સારથીને, ચાર ગતિનો અંત કરનાર ઉત્તમ ધર્મચક્રવર્તીને. ૬.

**અપ્પડિહયવરનાણ દંસણધરાણં, વિઅટ્ટ-છઉમાણં ॥૭॥**

**અર્થ :–** કોઈથી હણાય નહીં એવા ઉત્તમજ્ઞાન (કેવળજ્ઞાન) અને દર્શન (કેવળદર્શન)ના ધારણ કરનારને; નિવર્ત્યું છે છદ્મસ્થપણું જેઓનું તેમને. ૭.

**જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં, બુદ્ધાણં બોહયાણં, મુત્તાણં મોઅગાણં ॥૮॥**

**અર્થ :–** રાગ-દ્વેષના જિતનારને (તથા) જિતાડનારને, (સંસારથી) તરી ગયેલાને (તથા) તારનારને, બોધ પામેલાને

તથા બોધ પમાડનારાને (તથા) (કર્મથી) મુક્તને (તથા) મુકાવનારને. ૮

**સવ્વન્નૂણં, સવ્વદરિસીણં, સિવમયલ-મરુઅ-મણંત-મક્ખય-મવ્વાબાહ-મપુણ-રાવિત્તિ-સિદ્ધિગઇ નામધેયં ઠાણં સંપત્તાણં, નમો જિણાણં જિઅભયાણં ॥૯॥**

**અર્થ :-** સર્વજ્ઞને, સર્વદર્શીને, કલ્યાણરૂપ, અચળ, રોગ-રહિત, અનંત, અક્ષય, અવ્યાબાધ, અપુનરાગમન એવી સિદ્ધિગતિ છે નામ જેનું, એવા સ્થાનને પામેલાને, રાગ-દ્વેષનો ક્ષય કરનાર તથા સર્વ ભયના જિતનારને નમસ્કાર હો. ૯

**જે અ અઇઆ સિદ્ધા, જે અ ભવિસ્સંતિણાગએ કાલે ॥ સંપઇ અ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ ॥૧૦॥**

**અર્થ :-** જેઓ ભૂતકાળમાં સિદ્ધ થયા, જેઓ ભવિષ્યકાળમાં સિદ્ધ થશે (અને) વર્તમાનકાળે વિદ્યમાન એવા સર્વ (દ્રવ્યજિનો)ને હું ત્રિવિધે વંદના કરું છું. ૧૦

❁ ❁ ❁

## ૧૪. જાવંતિ ચેઈઆઈ સૂત્ર

### શબ્દાર્થ

| | |
|---|---|
| જાવંતિ - જેટલાં. | તાઈ - તેને |
| ચેઈઆઈ - ચૈત્યો-પ્રતિમાઓ છે. | વંદે - હું વંદના કરું છું. |
| ઉઢ્ઢે - ઉર્ધ્વલોકમાં | ઈહ - અહીં. |
| અહે - અધોલોકમાં | સંતો - છતો. |
| તિરિઅલોએ - તિર્ચ્છાલોકમાં | તત્થ - ત્યાં. |
| સવ્વાઈ - સર્વને. | સંતાઇ - રહેલાંને. |

**જાવંતિ ચેઇઆઇં, ઉઢ્ઢે અ અહે અ તિરિઅલોએ અ; સવ્વાઇં તાઇં વંદે, ઇહ સંતો તત્થ સંતાઇં ॥૧॥**

**અર્થ :-** ઊર્ધ્વલોકમાં તથા અધોલોકમાં અને તિર્ચ્છાલોકમાં જેટલી જિનપ્રતિમાઓ છે, હું અહીં રહ્યો છતાં; ત્યાં રહેલા તે સર્વને હું વંદન કરું છું. ૧

❁ ❁ ❁

## ૧૫. જાવંત કેવિ સાહૂ સૂત્ર

### શબ્દાર્થ

| | |
|---|---|
| જાવંત - જેટલાં. | એરવય - ઐરવત ક્ષેત્રમાં |
| કેવિ - કોઈપણ | મહાવિદેહે - મહાવિદેહ ક્ષેત્રમાં |
| સાહૂ - સાધુઓ. | સવ્વેસિં - સર્વને. |
| ભરહ - ભરતક્ષેત્રમાં | તેસિં - તેઓને. |
| પણઓ - નમ્યો. | તિદંડ - ત્રણ દંડથી |
| તિવિહેણ - મન, વચન, કાયાએ કરીને. | વિરયાણં - નિવર્તેલાને. |

**જાવંત કેવિ સાહૂ, ભરહેરવય-મહાવિદેહે અ; સંવ્વેસિં તેસિં પણઓ, તિવિહેણ તિદંડવિરયાણં ॥૧॥**

**અર્થ :-** (પાંચ) ભરત, (પાંચ) ઐરવત, અને (પાંચ) મહાવિદેહ ક્ષેત્રમાં જેટલા કોઇ સાધુઓ, મન વચન કાયાએ કરીને ત્રણ દંડથી વિરામ પામેલા છે, તે સર્વને મન-વચન-કાયાથી હું પ્રણામ કરું છું. ૧.

❁ ❁ ❁

## ૧૬. નમોડર્હત્ (પરમેષ્ઠિ નમસ્કાર)

શબ્દાર્થ

**નમો** - નમસ્કાર કરું છું.
**અર્હત્** - અરિહંત.
**સિદ્ધ** - સિદ્ધ.
**આચાર્ય** - આચાર્ય.
**ઉપાધ્યાય** - ઉપાધ્યાય.
**સર્વસાધુભ્યઃ** - સર્વ સાધુઓને.

**નમોડર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યઃ ॥૧॥**

**અર્થ :–** અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય (અને) સર્વ સાધુઓને નમસ્કાર કરું છું.૧.

❁ ❁ ❁

## ૧૭. ઉવસગ્ગહરં સ્તવન[1]

શબ્દાર્થ

ઉવસગ્ગ - ઉપસર્ગ (વિઘ્ન)ને.
હરં - હરનાર.
પાસં - પાર્શ્વ નામનો યક્ષ જેને- છે એવા.
પાસં - પાર્શ્વનાથને.
**વંદામિ** - હું વંદું છું.
કમ્મઘણ - કર્મના સમૂહથી.
મુક્કં - મુકાયેલા.
વિસહર - વિષધર - સર્પના.
વિસ - વિષને.
નિન્નાસં - નાશ કરનારા.
મંગલ - મંગલ.
કલ્લાણ - કલ્યાણના.
આવાસં - ઘરરૂપ છે.
વિસહરફુલિંગમંતં - વિષધર- સ્ફુલિંગ નામના મંત્રને.
કંઠે - કંઠમાં
ધારેઈ - ધારણ કરે.
જો - જે.
**સયા** - હંમેશાં.
**મણુઓ** - મનુષ્ય.
**તસ્સ** - તેના.
ગહ - ગ્રહ.
રોગ - રોગ.
**મારી** - મરકી.
**દુટ્ઠ** - અશુભ, ખરાબ.
**જરા** - તાવ.
**જંતિ** - પામે છે.
ઉવસામં - શાન્તિને.
**ચિટ્ઠઉ** - રહો.
**દૂરે** - દૂર.
**મંતો** - મંત્ર.
**તુજ્ઝ** - તમારો.
**પણામોવિ** - નમસ્કાર પણ.
**બહુફલો** - ઘણા ફળવાળો.
**હોઈ** - થાય છે.
**નર** - મનુષ્ય.
**તિરિએસુવિ** - તિર્યંચને વિષે પણ.
જીવા - જીવો.
પાવંતિ - પામે.
ન - નહીં.
**દુક્ખ** - દુઃખ.
દોગચ્ચં - દુર્ભાગ્ય.
તુહ - તમારું.
**સમ્મત્તે** - સમકિત દર્શન.
લદ્ધે - પામ્યે છતે.
ચિંતામણિ - ચિંતામણિ રત્ન.
કપ્પપાયવબ્ભહિએ - કલ્પવૃક્ષથી અધિક.
પાવંતિ - પામે છે.
અવિગ્ઘેણં - નિર્વિઘ્નપણે.
જીવા - જીવો.
અયરામરં - અજરામર.
ઠાણં - સ્થાનને.
ઈઅ - એ પ્રકારે.
**સંથુઓ** - સ્તવેલા.
**મહાયસ** - હે મોટા યશવાળા !
**ભત્તિબ્ભર** - ભક્તિના સમૂહે કરી.
**નિબ્ભરેણ** - પરિપૂર્ણ એવા.
**હિયએણ** - હૃદયે કરી.
**તા** - તે કારણ માટે.
**દેવ** - હે દેવ !
**દિજ્જ** - આપો.
**બોહિં** - સમ્યક્ત્વ.
**ભવે ભવે** - ભવોભવને વિષે.
**પાસ જિણચંદ** - હે શ્રી પાર્શ્વ જિનચંદ્ર !

**ઉવસગ્ગહરં પાસં, પાસં વંદામિ કમ્મઘણ-મુક્કં ॥ વિસહર-વિસનિન્નાસં, મંગલ-કલ્લાણ-આવાસં ॥૧॥**

**અર્થ :–** ઉપસર્ગનો હરનાર પાર્શ્વનામનો યક્ષ સેવક છે જેનો એવા શ્રી પાર્શ્વનાથ ભગવાન; જેઓ કર્મના સમૂહથી મુક્ત છે. (તથા) જે સર્પના ઝેરને અતિશયે કરીને નાશ કરનાર છે (વળી) મંગલ અને કલ્યાણના ઘર છે, તેમને હું નમસ્કાર કરું છું. ૧.

**+વિસહરફુલિંગમંતં, કંઠે ધારેઇ જો સયા મણુઓ[1] ॥ તસ્સ ગહ-રોગમારી, દુટ્ઠ-જરા જંતિ ઉવસામં ॥૨॥**

**અર્થ :–** જે મનુષ્ય નિરંતર (શ્રી પાર્શ્વનાથના નામ ગર્ભિત) વિષધરસ્ફુલિંગ નામના મંત્રને કંઠમાં ધારણ કરે છે, તેના દુષ્ટ ગ્રહ રોગ, મરકી (અને) દુષ્ટ જ્વર-તાવ શાન્તિ પામે છે. ૨.

**ચિટ્ઠઉ દૂરે મંતો, તુજ્ઝ પણામો વિ બહુફલો હોઇ ॥ નરતિરિએસુ વિ જીવા, પાવંતિ ન દુક્ખ-[1]દોગચ્ચં ॥૩॥**

**અર્થ :-** (એ) મંત્ર દૂર રહો, તમને નમસ્કાર કરવો તે પણ ઘણું ફળ આપનાર થાય છે. (તે) જીવો મનુષ્ય અને તિર્યંચ ગતિમાં પણ દુઃખ અને દારિદ્રય પામતા નથી. ૩.

**તુહ સમ્મત્તે લદ્ધે, ચિંતામણિ-કપ્પપાય-વબ્ભમહિએ ॥ પાવંતિ અવિગ્ઘેણં, જીવા અયરામરં ઠાણં ॥૪॥**

**અર્થ :-** ચિંતામણિરત્ન (અને) કલ્પવૃક્ષથી અધિક મહિમાવાળું એવું તમારું સમ્યગ્દર્શન (સમકિત) પામ્યે છતે (ભવ્ય) જીવો અજર અમર (મોક્ષ) સ્થાનને નિર્વિઘ્નપણે પામે છે. ૪.

**ઇઅ સંથુઓ મહાયસ ! ભત્તિબ્ભર-નિબ્ભરેણ હિયએણ ॥ તા દેવ ! દિજ્જ બોહિં, ભવે ભવે પાસ જિણચંદ ! ॥૫॥**

**અર્થ :-** હે મહાયશસ્વી ! ભક્તિના સમૂહથી પૂર્ણ ભરેલા અંતઃકરણથી આ સ્તવના કરી, તે કારણથી હે દેવ શ્રી પાર્શ્વ-જિનચંદ્ર ! (મને) ભવોભવ બોધિબીજ (સમ્યગ્દર્શન) આપો. ૫.

❀❀❀

## ૧૮. જયવીયરાય (પ્રાર્થના) સૂત્ર

**શબ્દાર્થ**

| | |
|---|---|
| જય - જય પામો. | સેવણા - અંગીકાર |
| વીયરાય - હે વીતરાગ. | આભવ - જ્યાં સુધી ભવ કરવા- |



| | |
|---|---|
| સમાહિમરણં - સમાધિમરણ. | માંગલ્યં - મંગળરૂપ. |
| બોહિલાભો - બોધિબીજનો લાભ. | સર્વકલ્યાણ - સર્વ કલ્યાણનું. |
| સંપજ્જઉ - પ્રાપ્ત થાઓ. | કારણં - કારણરૂપ. |
| મહ એઅં - મને, એ. | પ્રધાનં - પ્રધાન એવું. |
| તુહ - તમને. | સર્વધર્માણાં - સર્વ ધર્મોમાં. |
| નાહ - હે નાથ ! | જૈનં - જૈન. |
| પણામકરણેણં - પ્રણામ કરવાથી. | જયતિ - જય પામે છે. |
| સર્વમંગલ - સર્વ માંગલિકમાં. | શાસનં - શાસન. |

**જય વીયરાય ! જગગુરુ ! હોઉ મમં તુહ પભાવઓ ભયવં ! ॥ ભવનિવ્વેઓ મગ્ગાણુ-સારિઆ ઇટ્ઠફલસિદ્ધિ ॥૧॥**

**અર્થ :-** હે વીતરાગ ! હે જગતના ગુરુ ! (તમે) જયવંત વર્તો. હે ભગવંત ! મને તમારા પ્રભાવથી ભવનું ઉદાસપણું, માર્ગાનુસારીપણું (અને) આ ભવના ઈષ્ટ વાંછિતની સિદ્ધિ હોજો. ૧.

**લોગવિરુદ્ધચ્ચાઓ, ગુરુજણપૂઆ પરત્થકરણં ચ ॥ સુહગુરુજોગો તવ્વયણ-સેવણા આભવ-મખંડા[1] ॥૨॥**

**અર્થ :-** લોકવિરુદ્ધનો ત્યાગ, (માતા-પિતાદિ) ગુરુજનની પૂજા તથા પરોપકાર કરવાપણું, શુદ્ધ ગુરુનો મેલાપ; અને તેમના વચનની સેવા (તે સર્વ) જ્યાં સુધી મોક્ષમાં ન જાઉં ત્યાં સુધી (મોક્ષપ્રાપ્તિ સુધી) અખંડપણે હોજો. ૨.

---

૧. આ સૂત્ર પ્રાર્થના સ્વરૂપ છે, પાછળની બે ગાથા ક્ષેપક છે.

**વારિજ્જઇ જઇવિ નિઆણ-બંધણં-વીયરાય ! તુહ સમએ ॥ તહવિ મમ હુજ્જ સેવા, ભવે ભવ તુમ્હ ચલણાણં ॥૩॥**

**અર્થ :–** હે વીતરાગ ! તમારા સિદ્ધાંતમાં જો કે નિયાણાનું બાંધવું નિષેધ્યું છે. તો પણ મને ભવોભવ તમારા ચરણોની સેવા હોજો. ૩.

**દુક્ખક્ખઓ કમ્મક્ખઓ, સમાહિ-મરણં ચ બોહિલાભો અ ॥ સંપજ્જઉ મહ એઅં, તુહ નાહ ! પણામકરણેણં ॥૪॥**

**અર્થ :–** હે નાથ ! તમને પ્રણામ કરવાથી મને દુઃખનો ક્ષય, કર્મનો ક્ષય, સમાધિમરણ તથા બોધિબીજનો લાભ એ (ચાર) સંપ્રાપ્ત થાઓ. ૪.

**સર્વ-મંગલ-માંગલ્યં, સર્વકલ્યાણ-કારણમ્ ॥ પ્રધાનં સર્વ-ધર્માણાં, જૈનં જયતિ શાસનમ્ ॥૫॥**

**અર્થ :–** સર્વ મંગળોમાં મંગળરૂપ, સર્વ કલ્યાણનું કારણ (અને) સર્વ ધર્મોમાં પ્રધાન (એવું) જૈનશાસન જયવંતુ વર્તે છે. ૫.

❁ ❁ ❁

## ૧૯. અરિહંત[૧] ચેઈઆણં (ચૈત્યસ્તવ)

### શબ્દાર્થ

અરિહંત - અરિહંતની.
ચેઈઆણં - પ્રતિમાઓને.
વંદણવત્તિઆએ - વાંદવા નિમિત્તે.
પૂઅણવત્તિઆએ - પૂજા કરવા-નિમિત્તે.
સક્કારવત્તિઆએ - સત્કાર-કરવા નિમિત્તે.
સમ્માણવત્તિયાએ - સન્માનને નિમિત્તે
બોહિલાભવત્તિઆએ - બોધિલાભ-નિમિત્તે.
નિરુવસગ્ગવત્તિઆએ - ઉપસર્ગરહિત સ્થાન (મોક્ષ)પામવા- નિમિત્તે.
સદ્ધાએ - શ્રદ્ધાથી.
મેહાએ - નિર્મળ બુદ્ધિથી.
ધિઈએ - ચિત્તની સ્થિરતાથી
ધારણાએ - ધારણાપૂર્વક.
અણુપ્પેહાએ - વારંવાર વિચારીને.
વઢ્ઢમાણીએ - વધતાં પરિણામે.
ઠામિ - રહું છું (કરું છું).
કાઉસ્સગ્ગં - કાયોત્સર્ગ.

**અરિહંત-ચેઇઆણં, કરેમિ કાઉસ્સગ્ગં ૧**

**અર્થ :–** અરિહંતની પ્રતિમાઓને (વંદનાદિ નિમિત્તે) હું કાયોત્સર્ગ કરું છું. ૧.

**વંદણવત્તિયાએ, પૂઅણવત્તિયાએ, સક્કાર-વત્તિયાએ, સમ્માણવત્તિયાએ, બોહિલાભવત્તિ-યાએ, નિરુવસગ્ગ-વત્તિયાએ ॥૨॥**

**અર્થ :–** વંદન નિમિત્તે, પૂજન કરવા નિમિત્તે, સત્કાર નિમિત્તે, સન્માન નિમિત્તે, બોધિ (સમ્યગ્દર્શન અથવા રત્નત્રયીના) લાભ નિમિત્તે, (અને) ઉપસર્ગરહિત (મોક્ષ) સ્થાન પામવા નિમિત્તે. ૨.

**સદ્ધાએ, મેહાએ, ધિઇએ, ધારણાએ, અણુપ્પેહાએ, વઢ્ઢમાણીએ, ઠામિ કાઉસ્સગ્ગં ॥૩॥**

**અર્થ :–** વૃદ્ધિ પામતી શ્રદ્ધાથી, નિર્મળ બુદ્ધિ પૂર્વક; ચિત્તની સ્થિરતાએ, ધારણાપૂર્વક (અને) વારંવાર વિચારણાપૂર્વક, હું કાયોત્સર્ગ કરું છું. ૩.

(વૃદ્ધિ પામતી એ પદ શ્રદ્ધાદિ પાંચે સાથે જોડવું)

❁ ❁ ❁

# અબ્ભુટ્ઠિઓ (ગુરુખામણા) સૂત્ર

**શબ્દાર્થ**

**અબ્ભિંતર** - અંદર.
**દેવસિઅં** - દિવસના અપરાધને.
**ખામેઉં** - ખામવાને.
**ખામેમિ** - ખામું છું.
**જં કિંચિ** - જે કોઈ.
**અપત્તિઅં** - અપ્રીતિભાવ.
**પરપત્તિઅં** - વિશેષ અપ્રીતિભાવ.
**ભત્તે** - ભોજનને વિષે.
**પાણે** - પાણીને વિષે.
**વિણએ** - વિનયને વિષે.
**વેયાવચ્ચે** - વૈયાવચ્ચને વિષે.
**આલાવે** - એકવાર બોલવાને વિષે.
**સંલાવે** - વારંવાર બોલવાને વિષે.
**ઉચ્ચાસણે** - ગુરુથી ઊંચે આસને બેસવાને વિષે.
**સમાસણે** - ગુરુની બરાબર આસને બેસવાને વિષે.
**અંતરભાસાએ** - ગુરુ બોલતા હોય તેની વચ્ચે બોલવામાં.
**ઉવરિભાસાએ** - ગુરુએ કહેલી વાત તેને વધારીને વિશેષપણે કહેવામાં.
**જં કિંચિ** - જે કાંઈ.
**મજ્ઝ** - મેં.
**વિણયપરિહીણં** - વિનય રહિતપણું કર્યું હોય.
**સુહુમં** - સૂક્ષ્મ.
**બાયરં** - બાદર-સ્થૂળ.
**તુબ્ભે** - તમે.
**જાણહ** - જાણો છો.
**ન જાણામિ** - જાણતો નથી.

**ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! અબ્ભુટ્ઠિ-ઓમિ અબ્ભિંતર દેવસિઅં (રાઇઅં) ખામેઉં ? ઇચ્છં, ખામેમિ દેવસિઅં.**

**અર્થ :–** હે ભગવન્ ! ઈચ્છાપૂર્વક આપ મને આદેશ આપો, હું દિવસમાં (રાત્રિમાં) કરેલા અપરાધને ખમાવવાને ઉઠ્યો છું. (ગુરુ કહે (ખામેહ) ખમાવો) શિષ્ય કહે (ઈચ્છં) હું એ જ ઈચ્છું છું. (અને) દિવસ (રાત્રિ) સંબંધી અપરાધોની ક્ષમા માગું છું.

**જંકિંચિ અપત્તિઅં, પરિપત્તિઅં, ભત્તે, પાણે, વિણએ, વેયાવચ્ચે, આલાવે, સંલાવે, ઉચ્ચાસણે, સમાસણે, અંતરભાસાએ, ઉવરિભાસાએ.**

**અર્થ :–** જે કાંઈ (આપને) અપ્રીતિભાવ કે વિશેષ અપ્રીતિભાવ ઉપજાવ્યો હોય (શેને વિષે ?) ભોજનને વિષે, પાણીને વિષે, વિનયને વિષે, વૈયાવચ્ચને વિષે, એક વાર બોલવાને વિષે, વારંવાર બોલવાને વિષે, ગુરુથી ઉંચા આસને બેસવાને વિષે, ગુરુની બરાબર આસને બેસવાને વિષે, ગુરુ બોલતા હોય તેની વચ્ચે બોલવામાં, ગુરુએ કહેલી વાત વિશેષપણે કહેવામાં.

**જંકિંચિ મજ્ઝ વિણય-પરિહીણં, સુહુમં વા બાયરં વા, તુબ્ભે જાણહ, અહં ન જાણામિ, તસ્સ મિચ્છા મિ દુક્કડં ॥**

**અર્થ :–** જે કાંઈ મારાથી વિનયરહિતપણું નાનું અથવા મોટું થયું હોય તે આપ જાણતા હો, હું ન જાણતો હોઉં તે સંબંધી મારું પાપ મિથ્યા થાઓ. (ગુરુ-(મિચ્છા મિ દુક્કડં) અમારું દુષ્કૃત્ય મિથ્યા થાઓ)

❁ ❁ ❁

# ૧૧. જગચિંતામણિ ચૈત્યવંદન

## શબ્દાર્થ

**જગચિંતામણિ** - ભવ્ય જીવોને ચિંતામણિ રત્ન સમાન.
**જગનાહ** - ભવ્ય જીવોના નાથ.
**જગગુરુ** - સર્વ લોકના હિતનો ઉપદેશ કરનાર.
**જગરક્ખણ** - છ જીવ નિકાયના રક્ષક.
**જગબંધવ** - સમાન બોધવાળાના તથા સકળ જંતુના બંધુ.
**જગસત્થવાહ** - મોક્ષાભિલાષીના સાર્થવાહ.
**જગભાવ** - ષટ્દ્રવ્ય તથા નવ તત્ત્વના સ્વરૂપને કહેવામાં.
**વિઅક્ખણ** - વિચક્ષણ.
**અટ્ઠાવય** - અષ્ટાપદ પર્વત ઉપર.
**સંઠવિયરૂવ** - જેમનાં બિંબ સ્થાપન કરેલાં છે.
**કમ્મટ્ઠ** - આઠ કર્મને.
**વિણાસણ** - નાશ કરનારા
**જિણવર** - તીર્થંકરો.
**જયંતુ** - જય પામો !
**અપ્પડિહય** - કોઈથી હણાયું નથી.
**સાસણ** - શાસન જેમનું
**કમ્મભૂમિહિં** - જ્યાં કર્મ વર્તે છે. એવાં
**કમ્મભૂમિહિં** - કર્મભૂમિના-ક્ષેત્રોને વિષે.
**પઢમસંઘયણી** - પહેલા સંઘયણવાળા
**ઉક્કોસય** - ઉત્કૃષ્ટપણે.
**સત્તરિસય** - એકસો સિત્તેર.
**જિણવરાણ** - તીર્થંકરો.
**વિહરંત** - વિચરતા.
**લબ્ભઇ** - પામીએ.
**નવકોડિહિં** - નવ કરોડ
**કેવલીણ** - કેવળી
**કોડિસહસ્સ** - હજાર કરોડ
**નવ** - નવ
**સાહુ** - સાધુઓ
**ગમ્મઈ** - જાણીએ
**સંપઈ** - વર્તમાનકાળે.
**જિણવર** - તીર્થંકર
**વીસ** - વીશ
**મુણિ** - મુનિઓ
**બિહું** - બે
**વરનાણ** - ઉત્તમ (કેવળ) જ્ઞાનવાળા.
**સમણહ** - સાધુઓ.
**કોડિ** - કરોડ
**સહસ્સદુઅ** - બે હજાર
**થુણિજ્જઈ** - સ્તવના કરીએ.
**નિચ્ચવિહાણિ** - નિત્ય પ્રભાતે.
**જયઉ સામિય** - સ્વામી જય પામો.
**રિસહ** - ઋષભદેવ ભગવાન.
**સત્તુંજિ** - શત્રુંજયને વિષે.
**ઉજ્જિંતિ** - શ્રી ગિરનાર પર્વત ઉપર.
**પહુ** - પ્રભુ.
**નેમિજિણ** - નેમિનાથ ભગવાન.
**વીર** - શ્રી વીર ભગવાન.
**સચ્ચઉરિ** - સત્યપુરી (સાચોર) નગરનાં.
**મંડણ** - આભૂષણરૂપ.
**ભરૂઅચ્છહિં** - ભરૂચને વિષે.
**મુણિસુવ્વય** - મુનિસુવ્રતસ્વામી.
**મુહરિ** - મુહરિ ગામમાં.
**પાસ** - શ્રી પાર્શ્વનાથ ભગવાન.
**દુહ** - દુઃખ.
**દુરિય** - પાપના.
**ખંડણ** - ખંડન કરનાર
**અવર** - બીજા
**વિદેહિં** - પાંચ મહાવિદેહ ક્ષેત્રને-વિષે.
**તિત્થયરા** - તીર્થંકરો.
**ચિહું** - ચાર.
**દિસિ** - દિશાઓમાં.
**વિદિસિ** - વિદિશાઓમાં, ખૂણામાં.
**જિંકેવિ** - જે કોઈપણ
**તીઅ** - અતીત (ભૂત)કાળ સંબંધી.
**અણાગય** - અનાગત-(ભવિષ્ય) કાળ સંબંધી.
**સંપઈઅ** - વર્તમાનકાળ સંબંધી.
**વંદું** - હું વંદના કરું છું.
**જિણ** - જિનેશ્વરોને.
**સવ્વેવિ** - સર્વે પણ.
**સત્તાણવઈ** - સત્તાણું.
**સહસ્સા** - હજાર.
**લક્ખા** - લાખ
**છપ્પન્ન** - છપ્પન્ન.
**અટ્ઠ** - આઠ
**કોડિઓ** - કરોડ
**બત્તીસસય** - બત્રીશસો.
**બાસિઆઈ** - બ્યાસી
**તિઅલોએ** - ત્રણ લોકને વિષે.
**ચેઈએ** - ચૈત્યોને.
**વંદે** - હું વંદના કરું છું.
**પનરસ** - પંદર.
**કોડિસયાઈ** - સો કરોડ
**કોડિ** - કરોડ,
**બાયાલ** - બેતાળીશ.
**લક્ખ** - લાખ
**અડવન્ના** - અટ્ઠાવન.
**છત્તીસ** - છત્રીશ.
**સહસ** - હજાર.
**અસિઈ** - એંશી.
**સાસય** - શાશ્વતા.
**બિંબાઈ** - બિંબોને.
**પણમામિ** - હું પ્રણામ કરું છું.

**[1]ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરું ? ઇચ્છં.**

**અર્થ :**– શિષ્ય-આપની ઈચ્છા હોય તો ભગવન્ ! આપ આજ્ઞા આપો હું ચૈત્યવંદન કરું ? (ગુરુ-કહે-કરો) શિષ્ય-ઈચ્છં-હું (એજ) ઈચ્છું છું-

**જગચિંતામણિ જગનાહ, જગગુરુ જગરક્ખણ ॥ જગબંધવ જગસત્થવાહ, જગભાવ-વિઅક્ખણ ॥ અટ્ઠાવય-સંઠવિય-રૂવ, કમ્મટ્ઠ-વિણાસણ ॥ ચઉવીસં પિ જિણવર, જયંતુ**

**અપ્પડિહયસાસણ ॥૧॥**

**અર્થ :–** ભવ્ય જીવોને ચિંતામણિરત્ન સમાન, (નિકટ) ભવ્ય જીવોના નાથ, સમસ્ત લોકના હિતોપદેશક, છ જીવનિકાયના રક્ષક, સકળ જંતુના ભાઈ, મોક્ષાભિલાષિના સાર્થવાહ, ષડ્દ્રવ્ય તથા નવતત્ત્વનું સ્વરૂપ કહેવામાં વિચક્ષણ, [1]અષ્ટાપદ પર્વત ઉપર સ્થાપન કર્યાં છે બિંબ જેમનાં, આઠકર્મનો નાશ કરનારા, જેમનું શાસન કોઈથી હણાય નહીં તેવું છે એવા ચોવીશે તીર્થંકરો જયવંતા વર્તો ! ૧.

**કમ્મભૂમિહિં કમ્મભૂમિહિં પઢમ-સંઘયણિ, ઉક્કોસય સત્તરિસય, જિણવરાણ વિહરંત લબ્ભઇ ॥ નવકોડિહિં કેવલીણ, કોડિસહસ્સ નવ સાહુ ગમ્મઇ, સંપઇ જિણવર વીસ, મુણિ બિહું કોડિહિં વરનાણ ॥ સમણહ કોડિ સહસ્સદુઅ, થુણિજ્જઇ નિચ્ચવિહાણિ ॥૨॥**

**અર્થ :–** અસિ, મષી અને કૃષિકર્મ જ્યાં વર્તે છે એવા કર્મ ભૂમિના ક્ષેત્રોને વિષે; પ્રથમ સંઘયણવાળા ઉત્કૃષ્ટપણે [2]એકસો સિત્તેર તીર્થંકરો વિચરતા મળે છે. કેવલજ્ઞાની નવકરોડ (અને) નવ હજાર કરોડ સાધુઓ જાણીએ. વર્તમાનમાં (શ્રી સીમંધરસ્વામી આદિ) [1]વીશતીર્થંકર (અને) ઉત્તમ કેવળજ્ઞાન ધરનારા બે કરોડ મુનિ (તથા) બે હજાર કરોડ સાધુઓ વિચરે છે તેઓની નિત્ય પ્રભાતે સ્તવના કરીએ. ૨.

**જયઉ સામિય જયઉ સામિય, રિસહ સત્તુંજિ । ઉજ્જિંતિ પહુ નેમિજિણ જયઉ । વીર સચ્ચઉરીમંડણ ॥ ભરુઅચ્છહિં મુણિસુવ્વય, [2]મુહરિ પાસ, દુહદુરિઅ-ખંડણ ॥ અવરવિદેહિં તિત્થયરા, ચિહું દિસિ વિદિસિ જિંકેવિ ॥ તીઆણાગય-સંપઇઅ, વંદું જિણ સવ્વેવિ ॥૩॥**

**અર્થ :–** જયવંતા વર્તો ! શ્રી શત્રુંજય ઉપર શ્રી ઋષભદેવ જયવંતા વર્તો ! શ્રી ગિરનારજી ઉપર પ્રભુ નેમિનાથ તીર્થંકર (અને) સાચોર (સત્યપુરી) નગરના આભૂષણ રૂપ શ્રી વીરસ્વામી જયવંતા વર્તો ! ભરુચમાં શ્રી મુનિસુવ્રતસ્વામી (અને) મુહરી ગામમાં શ્રી પાર્શ્વનાથ (એ પાંચે જિનવરો) દુઃખ અને પાપના નાશ કરનારા છે. બીજા (પાંચ) મહાવિદેહને વિષે જે તીર્થંકરો, (છે તથા), ચાર દિશાઓ અને ચાર વિદિશાઓમાં જે કોઈપણ, અતીતકાળ, અનાગતકાળ, અને વર્તમાનકાળ સંબંધી તીર્થંકરો છે, તે સર્વને પણ હું વંદના કરું છું. ૩.

**સત્તાણવઈ-સહસ્સા, લક્ખા છપ્પન્ન અટ્ઠ કોડિઓ ॥ બત્તીસસય બાસિઆઇં તિઅલોએ ચેઇએ વંદે ॥૪॥**

**અર્થ :–** આઠ કરોડ, છપ્પન્ન લાખ, સત્તાણું હજાર, બત્રીશ સો અને બાસી, (૮૫૭૦૦૨૮૨) ત્રણલોકને વિષે જિનપ્રાસાદ છે તેને હું વંદન કરું છું. ૪.

**પનરસ કોડિસયાઇં, કોડિ બાયાલ લક્ખ અડવન્ના ॥ છત્તીસસહસઅસીઇં સાસયબિંબાઇં પણમામિ ॥૫॥**

**અર્થ :–** પંદરસો કરોડ (પંદર અબજ), બેંતાલીશ કરોડ, અટ્ઠાવન લાખ, છત્રીશ હજાર, એંસી (૧૫,૪૨,૫૮,૩૬,૦૮૦ જિનપ્રાસાદોને વિષે) શાશ્વત જિનબિંબો છે, તેઓને હું વંદના કરું છું.૫.

❁ ❁ ❁

# સામાયિક લેવાનો વિધિ

પ્રથમ સ્થાપનાચાર્યજી ન હોય તો ઉંચે આસને પુસ્તક આદિ જ્ઞાનાદિનું ઉપકરણ મૂકીને શ્રાવક તથા શ્રાવિકાએ કટાસણું, મુહપત્તિ અને ચરવળો લઈ, શુદ્ધ વસ્ત્ર સહિત થઈ, જગ્યા પુંજી કટાસણું પાથરી તે ઉપર બેસવું. મુહપત્તિ ડાબા હાથમાં મુખ પાસે રાખી, તે વડે મુખ ઢાંકી જમણો હાથ ઊંધો, સ્થાપનાજી સન્મુખ રાખીને એક નવકાર તથા પંચિંદિય[1] કહેવા પછી ખમાસમણ દઈ ઈરિયાવહિ, તસ્સ ઉત્તરી, અન્નત્થ ઊસસિએણં કહી એક લોગસ્સનો ચંદેસુ નિમ્મલયરા સુધી (લોગસ્સ ન આવડે તો ચાર નવકારનો) કાઉસ્સગ્ગ કરવો. નમો અરિહંતાણં પદ બોલી કાઉસ્સગ્ગ પારી લોગસ્સ કહેવો. પછી ખમાસમણ દઈ "ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ સામાયિક મુહપત્તિ પડિલેહું ?" કહી કાંઈક વિરામ લઈ 'ઈચ્છં' કહી પચાસ બોલ ચિંતવવા સાથે મુહપત્તિ પડિલેહવી. પછી ખમાસમણ દઈ 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ સામાયિક સંદિસાહું' ? "ઈચ્છં" કહી ખમાસમણ દઈ ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ સામાયિક ઠાઉં ? "ઈચ્છં" કહી બે હાથ જોડી એક નવકાર ગણી "ઈચ્છકારી ભગવન્ પસાય કરી સામાયિક દંડક ઉચ્ચરાવોજી" કહી ગુરુ અથવા વડીલ હોય તો તેઓની પાસે કરેમિ ભંતે ઉચ્ચરવું, નહિતર પોતાની મેળે કરેમિ ભંતેનો પાઠ બોલવો. પછી ખમાસમણ દઈ "ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ બેસણે સંદિસાહું" ? "ઈચ્છં" કહેવું. પછી ખમાસમણ દઈ "ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ બેસણે ઠાઉં" ? 'ઈચ્છં' કહેવું. તે પછી ખમાસમણ દઈ "ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ સજ્ઝાય સંદિસાહું ?" 'ઈચ્છં' કહી ખમાસમણ દઈ "ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ સજ્ઝાય કરું" ? 'ઈચ્છં'. કહી ત્રણ નવકાર ગણવા. પછી બે ઘડી-૪૮ મિનિટ ગોખવાં વાંચવા આદિએ કરી ધર્મધ્યાન કરવું અથવા નવકારવાળી ગણવી. વિકથાદિ પ્રમાદમાં પડવું નહિ.

❁ ❁ ❁

# સામાયિક પારવાની વિધિ

પ્રથમ ચરવળો લઈ ઊભા થઈ ખમાસમણ દઈ ઈરિયાવહિ પડિક્કમી યાવત્ કાઉસ્સગ્ગ કરી, નમો અરિહંતાણં પદ બોલી, કાઉસ્સગ્ગ પારી, લોગસ્સ કહેવો. પછી ખમાસમણ દઈ 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ મુહપત્તિ પડિલેહું' ? 'ઈચ્છં' કહી મુહપત્તિ પડિલેહી ખમાસમણ દઈ, 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ સામાયિક પારું[1] ?' એમ આદેશ માગવો પછી યથાશક્તિ કહી, ખમાસમણ દઈ, ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ સામાયિક પાર્યું.[2] કાંઈક વિસામા પછી 'તહત્તિ' કહી પછી જમણો હાથ ચરવળા ઉપર અથવા કટાસણા ઉપર થાપી એક નવકાર ગણી 'સામાઈય વયજુત્તો' કહેવો. પછી જમણો હાથ સ્થાપના સામે સવળો (ઉત્થાપન વિધિ) રાખીને એક નવકાર ગણવો. અહીં ઉપરા ઉપર ત્રણ સામાયિક કે બે સામાયિક કરવાં હોય તો દરેક સામાયિક લેતાં લેવાની વિધિ કરવી પણ વખતો વખત પારવું નહિ. બે સામાયિક કરવાં હોય તો બે પૂરાં થયે અને ત્રણ સામાયિક કરવાં હોય તો ત્રણ પૂરાં થયે એકવાર પારવું. એવી પ્રવૃત્તિ છે. એક સામટાં આઠ-દશ સામાયિક કરવાં હોય તો ત્રણ ત્રણ સામાયિક સુધી આ વિધિ જાણવો.[3]

❁ ❁ ❁

### (૩) ચૈત્યવંદનની વિધિ

૧. પ્રથમ ઇરિયાવહી કરી ત્રણ ખમાસમણ દેવાં પછી ડાબો ઢીંચણ ઊભો રાખવો, પછી 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરું ?' 'ઇચ્છં' કહી,

૨. **'સકલકુશલવલ્લી'** કહી **'ચૈત્યવંદન'** કહેવું.

**સકલકુશલવલ્લી, પુષ્કરાવર્તમેઘો ।**

સઘળા કુશળની વેલડી સમાન પુષ્કરાવર્તના મેઘ સમાન

**દુરિતતિમિરભાનુઃ, કલ્પવૃક્ષોપમાનઃ ॥૧॥**

અજ્ઞાન રૂપ અંધકાર માટે સૂર્ય સમાન, કલ્પવૃક્ષ સમાન

**ભવજલનિધિપોતઃ, સર્વસંપત્તિહેતુઃ ।**

સંસાર રૂપ સમુદ્રમાં વહાણ સમાન, સર્વ સંપત્તિના કારણ રૂપ

**સ ભવતુ સતતં વઃ, શ્રેયસે શાંતિનાથઃ ॥૨॥**

તે થાઓ હંમેશાં તમારા કલ્યાણ માટે શ્રી શાંતિનાથ ભગવાન

**અર્થ** – સઘળા કુશળની વેલડી સમાન, પુષ્કરાવર્તના મેઘ સમાન, અજ્ઞાન રૂપ અંધકાર માટે સૂર્ય સમાન, કલ્પવૃક્ષ સમાન, સંસાર રૂપ સમુદ્રમાં વહાણ સમાન, સર્વ સંપત્તિના કારણ રૂપ, તે શ્રી શાંતિનાથ હંમેશાં તમારા કલ્યાણ માટે થાઓ.

પછી કોઈ પણ એક ચૈત્યવંદન કહેવું.

૩. પછી 'જંકિંચિ૦' કહી 'નમુત્થુણં૦' કહેવું.

૪. પછી 'જાવંતિ ચેઈઆઈં૦' કહી એક ખમાસમણ દેવું.

૫. પછી 'જાવંત કેવિ સાહૂ૦' કહી 'નમોઽર્હત્૦' કહેવું.

૬. પછી સ્તવન કહેવું.

૭. પછી બે હાથ લલાટે ધરી જયવીયરાય 'આભવમખંડા' સુધી કહેવા.

પછી બે હાથ નીચે ઉતારી જયવીયરાય પૂરા કહેવા.

૮. પછી ઊભા થઈ અરિહંતચેઈયાણં૦ કહી અન્નત્થ. કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરવો.

૯. પછી કાઉસ્સગ્ગ પારીને નમોઽર્હત્૦ કહીને એક થોય કહેવી પછી એક ખમાસમણ દેવું.

# ગુરુવંદન કરવાની વિધિ

**પ્રથમ બે ખમાસમણ દઈ નીચે મુજબ સુખશાતા પૂછવી.** ઈચ્છકાર 'સુહરાઈ, (સુહદેવસિ[૨]) સુખતપ, શરીર નિરાબાધ, સુખસંજમ જાત્રા નિર્વહો છો જી ! સ્વામી શાતા છે જી ? ભાતપાણીનો લાભ દેજોજી. પછી આચાર્યભગવંત અથવા પદસ્થ સાધુ હોય તો ઊભા થઈ એક ખમાસમણ દેવું.

પછી ખમાસમણ દઈ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ અબ્ભુટ્ઠિઓમિ અબ્ભિંતર રાઈયં[૩] ખામેઉં ? ઇચ્છં ખામેમિ રાઈઅં (દેવસિઅં) બાદ જમણો હાથ જમીન પર સ્થાપી ડાબો હાથ મુખ પાસે રાખી અબ્ભુટ્ઠિઓ પૂર્ણ કહેવો. પછી ઊભા થઈ ખમાસમણ આપવું.